# તારે આંગણ આવીને મેં

જાતાં પૂજ્યાં ડુંગર–કોતર વળતાં ઝાંખર-ઝાડ જી
તારે આંગણ આવીને મેં માણ્યો મનનો ઉઘાડ જી

શતતંતી જંતર આ જીવતર મેળ મળે ના સ્હેજે
તું ચીંધાડે કળ કોઈ તો તરીએ એના તેજે
લુખ્ખા સુક્કા જીવને બીજું કોણ લડાવે લાડ જી
તારે આંગણ આવીને મેં માણ્યો મનનો ઉઘાડ જી

વિના કારણે મારા પર હું રીસ કરું ને લડું
કોઈ ના જાણે એવા ખૂણે જઇ જઇને હું રડું
મારામાં આ શું ઊગ્યું જે ભીતર પાડે ધાડ જી
તારે આંગણ આવીને મેં માણ્યો મનનો ઉઘાડ જી

**- શ્રી સંજુ વાળા**

# નવકાર મહામંત્ર મહિમા અષ્ટક (૧)

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય,
શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત પુણ્ય કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૧

શ્રી શ્વેતવર્ણ અરિહંત સુ-રક્ત સિદ્ધ,
આચાર્ય પીત શુભ વાચક નીલ બદ્ધ,
શ્યામાંગ દિવ્ય મુનિજી અતિ પુણ્ય નામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૨

સમ્યક્ત્વ ભાવમય દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાન બળથી ભવ દુઃખ કાપે,
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ ધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૩

ચક્કેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુણ્ય કૃપામય સુદૃષ્ટિ કદી પમાય,
સર્વોચ્ચ પંચ પરમેષ્ઠિ તણું જ કામ,
મંત્રાધિરાજ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૪

# નવકાર મહામંત્ર મહિમા અષ્ટક (૨)

સંગ્રામ-સાગર જલે વિપિને મૂઝાય,
આપત્તિ સિંહ-અહિ-વ્યાઘ્ર તણી જણાય,
ત્યાં દિવ્ય મંત્ર નવકાર અખૂટ કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૫

દારિદ્ર્ય-રોગ-જનનાં સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ-પુત્ર-વનિતા સુખ માર્ગ વાળે,
એવો મહાન નવકાર સુહર્ષ ધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૬

શ્રીપાળ, રાણી મયણા ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ અમર, કંબલ-શંબલાદિ,
પામ્યા બધા રટણથી શુચિ સિધ્ધિકામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૭

એવો મહાન શુચિમંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે,
દેવેન્દ્ર કિંકર રટે મુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિ પદે પ્રણામ. ૮

# (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

(ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર - એ દેશી)

સુમતિનાથ ગુણશ્યું મીલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલી રીતિ.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહિ મહકાય.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૨

અંગુલીયેં નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૩

હુઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૪

ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક જશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૫

# (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવનનો અર્થ

જળમાં વિસ્તરતા તેલબિંદુની જેમ, શ્રી સુમતિનાથ પ્રભુના ગુણોમાં લીન થયેલા મારા મનમાં એ પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઉત્તરોત્તર વધતી જાય છે. કહો કે મને મારી અસ્મિતાના અણુએ અણુમાં પરમ સૌભાગ્યવંતા એ શ્રી જિનેશ્વર દેવના પ્રેમનો અવિહડ રંગ લાગ્યો છે. ૧

કસ્તુરીની સુગંધ વાતાવરણમાં સર્વત્ર ફેલાઈ જાય છે, તેમ સજ્જન સાથેની પ્રીત પણ છાની રાખી શકાતી નથી. ૨

જેમ આંગળી વડે મેરૂ પર્વત ઢાંકી શકાતો નથી, છાબડી આડી ધરવાથી સૂર્યના તેજને ઢાંકી શકાતું નથી, ખોબામાં ગંગાનું જળ સમાઈ શકતું નથી, તેમ મારા મનમાં પણ પ્રભુ પ્રત્યેનો સ્નેહ સમાઈ શકતો નથી. ૩

સુરંગી (કાથો-ચૂનો ચોપડેલ) નાગરવેલનું પાન ખાતાં જેમ હોઠની લાલાશ છાની રહી શકતી નથી, તેવી જ મારા પ્રેમની સ્થિતિ છે. પ્રભુના ગુણરૂપ રસના પ્યાલા ભરી-ભરીને પીવાથી મારો પ્રભુપ્રેમ - અભંગ - ન ખૂટે એવો થયો છે. ૪

વિસ્તારને પામેલી શેરડી જેમ પોતાના ઉપર ઉગેલાં પાંદડાને લીધે ગુપ્ત રહેતી નથી, તેમ પ્રભુ ઉપરના મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે, એમ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે. ૫